1. જોડકાં જોડો : કૉલમ-1માં આપેલા ઔષધોને કૉલમ-2માં આપેલા તેમના ઉપયોગ સાથે યોગ્ય ક્રમમાં જોડો.

| કૉલમ-1 | કૉલમ-2 |
|---|---|
| (A) રેનિટિડીન | (1) પ્રશાંતકો |
| (B) ફ્યુરેસીન | (2) પ્રતિસૂક્ષ્મજીવીઓ |
| (C) ફિનેલ્ઝિન | (3) પ્રતિહિસ્ટેમાઇન |
| (D) ક્લોરએમ્ફેનિકોલ | (4) જીવાણુનાશી |
| | (5) ગર્ભનિરોધક ઔષધો |

જવાબ (A → 3), (B → 4), (C → 1), (D → 2)

2. જોડકાં જોડો : કૉલમ-1માં આપેલા સાબુને કૉલમ-2માં આપેલા પદાર્થ સાથે યોગ્ય ક્રમમાં જોડો.

| કૉલમ-1 | કૉલમ-2 |
|---|---|
| (A) સાબુની ચીરીઓ | (1) સુકાયેલા નાના-નાના સાબુના પરપોટા |
| (B) દાણાદાર સાબુ | (2) પીગાળેલા સાબુના પાતળા સ્તર + નાના-નાના તૂટેલા ટુકડા |
| (C) સાબુ પાઉડર | (3) સાબુ પાઉડર + ઘર્ષણકારક + બિલ્ડર્સ |
| (D) ઘસીને સફાઇ કરવા માટેનો સાબુ | (4) સાબુ પાઉડર + બિલ્ડર્સ જેવા કે $Na_2CO_3$ અને $Na_3PO_4$ |

જવાબ (A → 2), (B → 1), (C → 4), (D → 3)

3. જોડકાં જોડો : કૉલમ-1માં આપેલા બંધારણને કૉલમ-2માં આપેલા પ્રક્ષાલકના યોગ્ય પ્રકાર સાથે જોડો.

| કૉલમ-1 | કૉલમ-2 |
|---|---|
| (A) $CH_3(CH_2)_{16}COO(CH_2CH_2O)n,$ $CH_2CH_2OH$ | (1) ધનાયનીય પ્રક્ષાલકો |
| (B) $C_{17}H_{35}COO^-Na^+$ | (2) ઋણઆયનીય પ્રક્ષાલકો |
| (C) $CH_3 - (CH_2)_{10}CH_2SO_3^-Na^+$ | (3) બિનઆયનીય પ્રક્ષાલકો |
| (D) $\left[CH_3(CH_2)_{15}-N(CH_3)_3\right]^+Br^-$ | (4) સાબુ |

જવાબ (A → 3), (B → 4), (C → 2), (D → 1)

4. જોડકાં જોડો : કૉલમ-1માં આપેલા પ્રક્ષાલકોને કૉલમ-2માં આપેલા તેમના ઉપયોગ સાથે યોગ્ય ક્રમમાં જોડો.

| કૉલમ-1 | કૉલમ-2 |
|---|---|
| (A) $\left[ CH_3(CH_2)_{15} - \overset{\overset{CH_3}{\vert}}{\underset{\underset{CH_3}{\vert}}{N}} - CH_3 \right]^+ Br^-$ | (1) વાસણ ધોવાનો પાઉડર |
| (B) $CH_2–(CH_2)_{11}$–  $–SO^-_3Na^+$ | (2) કપડાં ધોવાનો સાબુ |
| (C) $C_{17}H_{35}COO^-\overset{+}{N}a + Na_2CO_3$ + રોઝિન | (3) વાળ ધોવાનું કંડિશનર |
| (D) $CH_3(CH_2)_{16}COO(CH_2CH_2O)n$ $CH_2CH_2OH)$ | (4) ટૂથપેસ્ટ |

જવાબ (A → 3), (B → 4), (C → 2), (D → 1)

5. **જોડકાં જોડો :** કૉલમ-1માં આપેલા ઔષધના પ્રકારને કૉલમ-2માં આપેલા તેના ગુણધર્મ સાથે યોગ્ય ક્રમમાં જોડો.

| કૉલમ-1 | કૉલમ-2 |
|---|---|
| (A) એન્ટાગોનિસ્ટ્સ | (1) બે ચેતાકેશિકા તથા ચેતાકેશિકા અને સ્નાયુ વચ્ચે સંદેશાની આપ-લે કરે છે. |
| (B) એગોનિસ્ટ્સ | (2) ગ્રાહી સ્થાને જોડાય છે અને તેના કુદરતી કાર્યોને નિરોધિત કરે છે. |
| (C) રાસાયણિક સંદેશાવાહકો | (3) શરીરના પ્રત્યાયન પ્રક્રમ માટેના નિર્ણાયક પદાર્થો |
| (D) નિરોધકો | (4) કુદરતી સંદેશાવાહકની નકલ કરે છે. |
| (E) ગ્રાહી પદાર્થો | (5) ઉત્સેચકની સક્રિયતાને નિરોધે છે. |

જવાબ (A → 2), (B → 4), (C → 1), (D → 5), (E → 3)

6. **જોડકાં જોડો :** કૉલમ-1માં આવેલા ઔષધોને કૉલમ-2માં દર્શાવેલા તેમના કાર્ય સાથે યોગ્ય ક્રમમાં જોડો.

| કૉલમ-1 | કૉલમ-2 |
|---|---|
| (A) વેદનાહર ઔષધો | (1) સૂક્ષ્મજીવોની વૃદ્ધિ રોકવા માટે વપરાય છે તથા તે ગળી શકાય છે. |
| (B) જીવાણુનાશી | (2) તણાવ દૂર કરવાના ઉપચારમાં |
| (C) પ્રતિહિસ્ટેમાઇન | (3) નિર્જીવ વસ્તુઓ પર છાંટવા માટે |
| (D) પ્રતિએસિડિક | (4) હિસ્ટેમાઇનને ગ્રાહી પદાર્થ સાથે જોડાતું અટકાવે છે. |
| (E) પ્રશાંતકો | (5) દુખાવામાં રાહત આપનાર |
| (F) પ્રતિસૂક્ષ્મજીવી | (6) રોગગ્રસ્ત ત્વચા પર લગાવવામાં આવે છે. |
| (G) સંક્રમણકારકો | (7) એસિડિટીની સારવારમાં વપરાય છે. |

જવાબ (A → 5), (B → 6), (C → 4), (D → 7), (E → 2), (F → 1), (G → 3)